વર્ષ ૨ અંક ૨ વૈશાખ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીઅપરા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના – ૨

શ્રીગિરિવરધર અતિવલ્લભ શ્રીઆચાર્યજીનું મન,
શ્રીપાર્વતી વહુજીના જીવન શ્રીગુસાંઇજીનું સર્વસ્વધન.
રસદાયક રસપોષક રસમય રસનું ધામ,
મોહન નવરસ રંજન ગોકુલરત્ન વિશ્રામ.



।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીરાય પ્રભુકી ચરણ રજસું, પાવન હે યા ધામ;

કૃપાકરી શરણ લીયો, દીયો સ્વરૂપ રસદાન.૧

શ્રીગોકુલેશ નામ સુ બઢકર, કોઇ નહિં ઔર નામ;

મંગલ સબ સમે હોઇ જાય, જબ લીયો પ્રેમ સું યહ નામ.૨

પ્રતિબિંબ સ્વરૂપ શ્રીવલ્લભકો, પ્રકટે તાત વલ્લભરૂપ;

દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ; કરો લીલાચરિત્ર અનુરૂપ.૩

શ્રીગોકુલેશ, શ્રીવલ્લભ, શ્રીજી, શ્રીમોહનવર, શ્રીગોકુલનાથજી, શ્રીકૃષ્ણ, શ્રીદાદાજી, શ્રીનાથજી, શ્રીઠાકોર, શ્રીપટકુલ, શ્રીજગમોહન, શ્રીગોકુલપતિ, શ્રીરસિકશિરોમણી, શ્રીરસિકરસ, શ્રીદામોદર, શ્રીબાવા, શ્રીમહાપ્રભુ, ઇત્યાદી અનેક નામોને સંબોધન પામતા આપણા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશપ્રભુચરણ (શ્રીગુસાંઇજી ના ચતુર્થ આત્મજ શ્રીગોકુલનાથજી) ને એતનમાર્ગીય સમાજ દ્વારા કરવામાં આવતું, આવે છે. આપશ્રીના પ્રાકટ્ય આજે ૪ સદી વિતિ ગઇ, છતાં :- નામ તણો છે મોટો મહિમા, શ્રીગોકુલનાથનો ગાજે રે....ખરેખર, જેવું નામ છે, તેવુંજ મોટો મહિમા છે શ્રીગોકુલ નાથજીનો. શ્રીદાદાજી મહાચતુર, રસજ્ઞ, અને અલૌકિક ભક્તિરસમાં ડૂબેલા જગતશિક્ષક છે. આપશ્રીના પ્રસિદ્ધ થયેલા વાર્તાપ્રસંગો ઉપરથી જોઇ શકાશે કે આપશ્રીના અનન્ય ભક્તોએ આપશ્રી માટે જગતશિક્ષક શબ્દનો ઉપયોગ કર્યો છે તે યથાર્થ છે. ખરું જોતા પ્રેમ એ જ ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ છે અને આખું જગત પ્રેમનું જ બનેલું છે. જેઓ તે

સ્વરૂપને પામે છે, તેઓ ભગવાનને સર્વાત્મભાવે ભોગવી શકે છે. જેની એવી પ્રેમદષ્ટિ ખૂલી ગઈ હોય, અને જેનું હૃદય ભગવાનની નિત્યલીલાનો ક્ષણે ક્ષણે અનુભવ લઈ રહ્યું હોય તેઓ શુદ્ધ પ્રેમરસના શિક્ષક થવાને પાત્ર છે. શ્રીદાદાજી એવા છે, તેથી આપશ્રીની વાણીમાંથી કેવળ રસ ટપકે છે, તેથી આપશ્રી રસિકરસ સ્વરૂપ છે.

તદુપરાંત આપશ્રી રસશાસ્ત્રના ગુરુ હોવાથી પોતે પ્રેમના ગમે તેટલા ઉચ્ચ શિખર ઉપર વિહાર કરી રહ્યા હોય, છતાં નીચેના શિખરો ઉપર ગતિ કરી રહેલા આપીશ્રના સેવકોના અધિકારને એક ક્ષણ પણ ભૂલતાં નથી. તેથી જ આપશ્રીની વાર્તાઓમાં વિનોદ, ઊંડું જ્ઞાન, રહસ્યપૂર્ણ ચર્ચા, રસની રસિકતા, એવા એવા અનેક પ્રકારનાં અંશો જોવામાં આવે છે. ખરી રીતે જો આપણે વિચારીએ કે આપશ્રીના વચનામૃતો જે જીવોને સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું, તે કેટળા ધનભાગી છે! અનન્ય વિદ્વાન જેવા કે શ્રીકલ્યાણ ભટ્ટ ખંભાળિયાવાળા, જેમની સમક્ષ શ્રીદાદાજીએ અતિ-ગોપ્ય ૨૪ વચનામૃત પ્રકટ કર્યા, અને તેજ શ્રીકલ્યાણ ભટ્ટજી, જેમને શ્રીગોકુલેશપ્રભુના સ્વરૂપ વિષે સંસ્કૃતમાં શ્રીકલ્લોલજી પ્રકટ કર્યા. મોટાભાઈજી, મોહનભાઈજી, માલાજી પંચોલી, વગેરે હતા, આવો અનેક સેવકગણ આપશ્રીના વચનામૃતનું પાન કરવાને ચોવીસે કલાક ઉત્સુક રહેતા. તેથી ઉત્થાપન સમયે, રાજભોગ સમયે, સાયંકાળે કે રાત્રિના સમયે, ગમે તે સમયે જ્યારે સેવાના કાર્યમાંથી સહેજ નિવૃત્તિ મળે કે તરતજ આપશ્રીના મુખકમળના માધુર્યનો આસ્વાદ લેવાને તત્પર હોય જ; તે એટલા સુધી કે તેમને જગતની અન્ય ચીજની શુધી સરખી રહેતી નથી. તેઓ શ્રીદાદાજી ના શ્રીમુખે વચનામૃત સાંભળવાને કે ભગવદ્-ભજનમાં નિમગ્ન રહેતા. આપણા શ્રીચતુર્થગૃહ અને જે શ્રીદાદાજીને અનન્ય ભાવે ભજનારા માટે સેવક-વૈષ્ણવો માટે શ્રીગોકુલેશપ્રભુ અસાધારણપણું છે, એમ એક મતે માને છે. આપણા શ્રીગોકુલેશ પ્રભુના સેવકોની અનન્યતા, સેવા માટેનો અચળ-ગુપ્ત ભાવને સ્વરૂપાસક્તિ જોવામાં આવે છે તે ભાગ્યેજ બીજા ઘરોમાં જોવામાં આવતી હશે. આવું હોવાનું પણ કારણ છે, કે આપશ્રી (શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ) ધર્મ-માર્ગના તત્ત્વોને કેવળ બૌદ્ધિક રીતે માન્યાં નથી પણ જીવનમાં જીવન્ત તત્ત્વરૂપે ઉતાર્યો છે. એટલુંજ નહિં પણ તેના ઊભરાઈ જતા રસથી આપશ્રીના સેવકોને તરબોળ કર્યો છે; તે એટલે સુધી કે જ્યારે ભૂતલ પરથી આપશ્રીએ

લીલા સમેટી લીધી ત્યારે ૭૮ અનન્ય સેવક-વૈષ્ણવોએ આપશ્રીની પાછળ પોતાના લૌકિક દેહ-પ્રાણ ત્યાગ કર્યો. આ પ્રસંગ જેવો તેવો ન કહેવાય. અને આને બહિર્મુખતા પણ ન કહેવાય. કેવળ સ્વરૂપાસક્તિ, અનન્ય પ્રેમ, અને કેવળ રસને પામવું.

<u>રાગ નટઃ-</u>

રસિક રસીલે ગોકુલનાયક;

અંગ અંગ રસ રહે રંગ ઢરિ મુખ બોલત રસ રાયક.૧

રસ હી કી બાંતે સબ જાનત સબ રસકો સુખદાયક;

વૃન્દાવન વલ્લભ વલ્લભરસ ભક્ત રસિક મન ભાયક.૨

ભક્તો જ્યારે આવી નયનાભીરામ પ્રાણ પ્રભુનું દર્શન કરે છે, ત્યારે જે અંગના ભાવ ભુલ્યા હોય, તે ભાવ તે સ્વરૂપ (શ્રીદાદાજી)માં જોઇ લે છે. એમ કરતાં કરતાં એક બે દિવસ માહાભાગ્ય સમયે વ્યતિત થાય. કોઇક સમય એવો પણ આવે કે આવા ભક્તોને સ્વરૂપને અંતરરમણે હૃદયમાંથી લઇને નેત્ર આવી છલકાઇ દે છે. એ સ્વરૂપ રસ. એ રસિક રસના સ્વરૂપને સમજવા આપણે ચાલો હવે શ્રીરસિક રસ દાતા ના જીવન-વૃત્તાંત જોઇએ. આપણા ચતુર્થદ્વારના પરમ અનન્ય એવા મોહનભાઇ ગાંધીએ સંકલિત કરી પ્રકાશિત કરેલ છે. તેમાં થી આપને શ્રીદાદાજીના જીવનને સમજીએ.

ભાવત્કઃ-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

કુટુંબની પૂર્વપીઠિકા

શ્રીદાદાજી શ્રીગોકુલેશજી:

શ્રીગોકુલેશજીના સુભગ નામથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ભાગ્યેજ કોઇ અજાણ હશે! આપશ્રી શ્રીગુસાંઇજીના ચતુર્થ આત્મજ છે. શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીના નામ ઉપરથી આપશ્રીનું નામ **શ્રીવલ્લભ** રાખ્યું છે (તાત તણો પ્રતિબિંબ રે રસના), કારણકે **વલ્લભ** શબ્દ ના અર્થ પ્રમાણે પોતાના સર્વ ભગવદ્આત્મજોમાં આપશ્રી એમને સૌથી અધિક પ્રિયા છે, પરન્તુ કૃષ્ણદાસી, જે એમના અંતરંગ ભક્ત છે, તેમણે પ્રાકટ્ય-સમયે ***મેરો શ્રીગોકુલનાથ આયો***, એવા શબ્દોચ્ચાર કર્યો, અને તેથી વૈષ્ણવો શ્રીદાદાજીને શ્રીગોકુલનાથજીના નામથી વધારે ઓળખે છે; જોકે શ્રીદાદાજી સ્વયં પોતાના ગ્રંથોમાં *વલ્લભ* નામે ઓળખાવે છે. આ ઉપરાંત આપશ્રીના અનન્ય સેવકો શ્રીજી, અથવા મહાપ્રભુજીના નામે પણ સંબોધે છે. સામાન્ય વૈષ્ણવ વર્ગ છેલ્લા બે નામોથી અનુક્રમે શ્રીગોવર્ધનનાથજી તથા શ્રીમદ્વલ્લભાચાર્યજીને નામે ઓળખે છે અને તેથી શ્રીગોકુલેશજીને જ્યારે શ્રીજી તથા શ્રીમહાપ્રભુજી કહેવામાં આવે છે ત્યારે આપશ્રી અનુક્રમે શ્રીગોવર્ધનનાથજી તથા શ્રીમદ્વલ્લભાચાર્યજી સમજે છે. પણ આપણે આ ગ્રંથમાં જ્યાં પણ શ્રીદાદાજી આવે ત્યારે શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશજી માટેજ સમજવું.

જે કુટુમ્બને શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલેશજીએ પોતાના પ્રાકટ્ય દ્વારા અલંકૃત કર્યું છે તે કુટુમ્બ દક્ષિણ ભારતવર્ષમાં આવેલ આંધ્ર પ્રદેશમાં વ્યોમસ્તંભ નામે પર્વતની પાસે કૃષ્ણા નદીની દક્ષિણે બ્રાહ્મણોના કાંકરવાડ (કાકરકુંભ) નામે મોટા ને પવિત્ર નગરમાં રહેતું હતું. આ કુટુમ્બ શુદ્ધ વેલનાટ અથવા વેળાનાડુ નામથી

પ્રસિદ્ધ હતું, એ વૈષ્ણવી દીક્ષાવાળું, યજુર્વેદી તૈત્તરીય શાખી અને ભારદ્વાજ ગોત્રી હતું અને તેમની કુળદેવી રેણુકા હતી.

યજ્ઞનારાયણ ભટ્ટ :-

યજ્ઞનારાયણ ભટ્ટ ગોવિન્દાચાર્ય આ કુટુમ્બના મૂળ પુરુષ હતાં, એમના વલ્લભ દીક્ષિત અને વલ્લભ દીક્ષિતના યજ્ઞનારાયણ ભટ્ટ થયા. ઘણાં વર્ષો સુધી કુટુમ્બના રિવાજ મુજબ બ્રહ્મચર્ય પાળી એમને દેવપુરના સુધર્મા નામના બ્રાહ્મણની નર્મદા નામે કન્યા સાથે લગ્ન કર્યું. આ યજ્ઞનારાયણ ભટ્ટને અતિથિ-સત્કાર પર વિશેષ પ્રીતિ હતી. એક સમયે દ્રાવિડ દેશનો બિલ્વમંગલ નામે અતિથિ એમને ત્યાં આવ્યોં. એ વિરક્ત હતો. યજ્ઞનારાયણ ભટ્ટે એને એ દશામાં રહેવાનું કારણ પુછ્યું ત્યારે તેને કહ્યું કે હું હમેશ હરિની ભક્તિ કર્યા જ કરું છું. એ સાંભળી યજ્ઞનારાયણ ભટ્ટે પોતાને હરિભક્તિ પ્રાપ્ત થવા માટે પ્રાર્થના કરવાથી એ મુનિએ એમને ગોપાલમંત્ર આપ્યો.

આ સિવાય બિલ્વમંગલે તેમને સોમયજ્ઞ કરવાનું સુચન કર્યુ. એ સુચન માની યજ્ઞનારાયણ ભટ્ટે સોમયજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞારંભમાં અગ્નિકુંડમાંથી સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ શ્રીમદનમોહનજીના સ્વરૂપે પ્રકટ થઇ એમને વર માંગવાની આજ્ઞા કરી. એના પ્રત્યુત્તરમાં તેમને વિનંતી કરી કે શ્રીહરિની સેવા કરનાર પ્રભુનાં મંગલકારી દર્શન કરતાં બીજો શો વધારે લાભ ઇચ્છી શકે ? આવી નિષ્કામ વિનંતી સાંભળી ભગવાને પ્રસન્ન થઇ આજ્ઞા કરી કે હું તારી કીર્તિનો વિસ્તાર કરવા એન સ્વધર્મનું રક્ષણ કરવા તથા દુષ્ટોને દંડ દેવા મારી પ્રતિજ્ઞા પ્રમાણે તારા કુટુમ્બ સો સોમયજ્ઞ પૂરા કરશે ત્યારે હું પ્રકટ થઈશ. એ પ્રમાણે વરદાન આપી ભગવાન અદશ્ય થઇ ગયા. આ ઉપરથી એમને (યજ્ઞનારાયણ ભટ્ટે) ૩૨ સોમયજ્ઞ કર્યાં.

એવું કહેવાય છે કે વેદને વિશે જ્યારે એમને કાંઇ સંદેહ ઊપજતો ત્યારે તે રાત્રે નદી ઉપર જઇ નાહીને બેસતાં અને ત્યાં વેદનું ધ્યાન ધરતા, એ વખતે વેદ સાક્ષાત્ પ્રકટ સ્વરૂપે પધારી એમની શંકાનું સમાધાન કરતા. એ ઉપરથી એઓ વેદનો અવતાર ગણાય છે.

એક વખતે કેટલાક માયાવાદી એમની પરિક્ષા લેવા માટે એક પાડો લઈને આવ્યા અને કહ્યું કે જો તમે આ પાડાને વેદ ભણાવો તો અમે જાણીએ કે તમે વેદના અવતાર છો. ત્યારે યજ્ઞનારાયણ ભટ્ટ કહ્યું :- भो लुलाय त्वं वेदान् उच्चारय, હે પાડા! તું વેદનું ઉચ્ચાર કર. આ સાંભળતાં પાડાને વેદનું જ્ઞાન થયું અને સર્વેને ઉત્તર આપવા લાગ્યો.

ગંગાધર ભટ્ટ :-

યજ્ઞનારાયણ ભટ્ટને ગંગાધર સોમયાજી નામે એક પુત્ર હતા. એમનાં લગ્ન ગોણીપુર ના તિરૂમલની કાંચી નામે કન્યા સાથે થયાં હતાં. એમને ૨૮ સોમયજ્ઞ કર્યા અને ઉત્તર તથા પૂર્વ મીમાંસાનું રહસ્ય બતાવનાર ગ્રંથો રચ્યો. એ શ્રીમહાદેવનો અવતાર ગણાય છે. એક વખત એમના કેશમાં ગંગાજીની અનેક ધારાનાં દર્શન થયાં હતાં.

ગણપત ભટ્ટ :-

ગંગાધર ભટ્ટ સોમયાજીને ગણપત ભટ્ટ નામે પુત્ર થયો. એ ગણપતિનો અવતાર ગણાય છે. દક્ષિણ મથુરાનાં કેશવરામની અંબિકા નામની કન્યા સાથે એમના લગ્ન થયાં હતા. એમણે ૩૦ સોમયજ્ઞ કર્યા. એમણે અનેક શિષ્યો સાથે દક્ષિણ દેશની યાત્રા કરી, શાકતો અને યાત્રિકોને જીતી વિજય મેળવ્યો અને સ્વતંત્રનિગ્રહ નામનો ગ્રંથ રચ્યો. ગણપત ભટ્ટના ઉચ્ચ ચારિત્ર્ય વિશે શ્રીદાદાજીના કૃપાપાત્ર વ્યારાવાળા ગોપાલદાસજી એમના પ્રાકટ્ય-સિદ્ધાંત નામના ગ્રંથમાં નીચે પ્રમાણે કહે છે:

પરદ્રવ્ય પરનિંદા ન જાણે, પરમ દીનદયાલ;
સ્વકીય પોષક જ્ઞાન વર્ગ કરે તે પ્રતિપાલ. ૩૯
અન્યાયે પ્રાપ્ત દ્રવ્યનો જેને અનાદર અહરનિશ;
અન્યાય દ્રવ્ય સ્પર્શે નહિં, નિર્માલ્યને સાદૃશ્ય. ૪૦
સત્ય વચન ન બોલવા, મનમાં ધરે આળસ,
તે મિથ્યા ભાષણ કેમ કરે, જેણે બંધ પામે યશ ? ૪૧

આ ગણપત ભટ્ટને અંબિકા સિવાય બીજી બે પત્ની હતી અને દરેકને ત્રણ ત્રણ પુત્ર હતા, એટલે એમના કુલ નવ પુત્ર થયા હતા. એમાં જ્યેષ્ઠ પત્ની અંબિકાના જ્યેષ્ઠ પુત્રનું નામ વલ્લભ યા બાલબદ્ર હતું.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

શ્રીગોકુલેશ વાક્સુધા શ્રીગોકુલેશ પ્રભુ વિરચિત વિવિધ ગ્રંથો પર ગુઢ-રહસ્ય સમજાવતી વિવૃત્તિ છે. અને તેમાંથી આપણે શ્રીસર્વોત્તમ સ્તોત્ર (શ્રીગુસાંઇજી વિરચિત) પર શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ કૃત વિવૃત્તિ ને આપણે મૂલ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ સાથે આલેખી રહ્યા છીએ.

।। श्रीगोकुलेशकृत विवृत्तिसहितम् ।।

नत्वा पितृपादाम्भोजमैहिकामुष्मिकार्थदम् ।

तत्प्रोक्ताचार्यनामानि विवरिष्ये यथामति ।। १ ।।

यद्यप्ययोग्य एवाहं तन्नामविवृत्तौ स्वतः ।

स्वीयत्वेनैव कृपया योग्यतां मयि दास्यति ।। २ ।।

इति विश्वासतो नूनं प्रवृत्तोऽहं न च अन्यथा ।

अतस्त एव शरणं मम सर्वार्थसिद्धये ।। ३ ।।

શ્રીગોકુલેશ પ્રભુ પ્રથમ મંગલાચરણમાં આજ્ઞા કરે છે કે: અમે (શ્રીગોકુલેશ પ્રભુ) શ્રીગુસાંઇજીના શ્રીચરણારવિંદમાાં નમન (નમસ્કાર) કરીએ છીએ. આપના (શ્રીગુસાંઇજી) ના શ્રીચરણારવિંદ કેવા છે? ભક્તોને ભગવદ્‌ભક્તિમાં ઉપયોગી, આલોકસમ્બન્ધી વસ્તુ, દેહ સમ્બન્ધી વસ્તુ, જે સ્ત્રી-પુત્ર-ધન, વગેરે; અને પરલોક સમ્બન્ધી વસ્તુ જેથી પરલોક સિદ્ધ થાય, તે બધઅના આપવાવાળા(શ્રીગુસાંઇજી) શ્રીચરણારવિંદને અમે નમન કરીએ છીએ. તો શ્રીમહાપ્રભુજીના નામોની ટીકા જેવી બુદ્ધિ છે તે રીતે અમે કરીએ છીએ.૧

શ્રીગોકુલેશ પ્રભુ દ્વિતિય અને ત્રિતિય મંગલાચરણમાં આજ્ઞા કરે છે :- જોકે શ્રીમહાપ્રભુજીના નામની ટીકા કરવાની મારામાં તો યોગ્યતા નથી, પરન્તુ શ્રીમહાપ્રભુજીએ મને પોતાનો જાણીને કૃપા કરીને આપના નામોની ટીકા કરવાની યોગ્યતા પ્રદાન કરશે, આવા દઢ-વિશ્વાસથી ટીકા કરવા માટે પ્રવૃત્ત થયો છું. અન્યથા નહિં. તેથી શ્રીમહાપ્રભુજીના શ્રીચરણારવિંદ જ મારી ગતિ છે.

શ્રીગોકુલેશપ્રભુ પ્રથમ તો મંગલાચરણ કરે છે. મંગલાચરણ પ્રથમ કેમ કર્યો? મંગલાચરણ કરવા પાછળ મુખ્યત્વે ત્રણ હેતુંઓ રહેલા હોય છે.

૧. કોઈપણ કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિના હેતુથી કરવામાં આવતું મંગલાચરણ (જીવ જે કાર્ય કરવા તત્પર થાય છે, તેમા શ્રીપ્રભુ અને શ્રીગુરુદેવની કૃપાથી કોઇ વિઘ્ન ન આવે અને કાર્ય સમ્પન્ન થાય)

૨. મંગલાચરણ એ એક અવિગીત શિષ્ટાચાર છે. (અવિગીત એટલે પ્રશંસનીય/ અનિન્દિત)

૩. ગુરુજનો પોતાના શિષ્યોને શિક્ષા આપવા માટે પણ પોતાના દરેક એવા કાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરે છે. ગુરુજનોની ભાવના છે કે તેમના શિષ્યો મંગલાચરણ કરી પોતાનું કલ્યાણ સાધશે. (જે કાર્ય કરવા શ્રીપ્રભુએ આપણને તૈયાર કર્યા છે તે કાર્ય સફળ થાય અને તેનું સુંદર ફળ સૌને પ્રાપ્ત થાય આવી ભાવનાથી મંગલાચરણ કરાય).

કોઈપણ કાર્યના પ્રારંભમાં મંગલાચરણ અવશ્ય કરવું. એ માત્ર ધર્મશાસ્ત્રથી સંબંધિત સિદ્ધાંત નથી, પણ જે જે શાસ્ત્રોનો ઉદ્‌ગમ વેદશાસ્ત્રોમાં રહેલો છે તેવા તમામ ભારતીય મૂળના દરેક શાસ્ત્રમાં મંગલાચરણનું સ્થાન જોવા મળશે. અને શ્રીદાદાજી પણ એજ પરંપરાને અનુસરીને પ્રથમ પોતાના પિતૃચરણને નમન કરે છે. ત્યાર બાદ આપશ્રી પોતાની દૈન્યતા બીજા શ્લોક દ્વારા પ્રગટ કરે છે, કે સર્વ કર્તા તો શ્રીપ્રભુજ છે, અને જે કાંઈ કાર્ય બળ કામ કરે છે, તે કેવળ તત્-કૃપા છે. અને ત્યારબાદ કૃપાદાન પ્રાપ્ત થાય અને કેવળ ગ્રંથ કરવાનો હેતુ પ્રકટ કરે છે. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ અને સ્વરૂપના પ્રાકટ્યને વિષે કારણ કહેવા માટે પ્રથમ શ્રીપુરાણ પુરુષોત્તમ સ્વરૂપની સ્તુતિ ત્રણ શ્લોક વડે કરે છે.

શ્રીમહાપ્રભુના અલૌકિક નામો પ્રકટ કરવા, શ્રીઆચાર્યશ્રીનું સ્વરૂપ અને તેમ નાં પ્રાકટ્યનું પ્રયોજન-હેતુ કહેવા, શ્રીમદાચાર્યચરણે જ પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં જણાવેલા, સર્વ શ્રૃતિઓ, શ્રીમદ્‌ભાગવત, શ્રીગીતાજી વગેરે અનેક અલૌકિક પ્રમાણથી સિદ્ધ છે, જે પ્રથમ તો પ્રમેયના મૂલરૂપ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના સ્વરૂપની (મારા) પિતાશ્રી મંગલ થાય તે માટે સર્વના મૂલ તરીકે સ્તુતિ કરે છે કે :-

प्राकृतधर्मानाश्रयम् अप्राकृतनिखिलधर्मरूपम् इति ।।

निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृति स्तौमि ।।१ ।।

<u>ભાવાર્થ</u>:- જેમનામાં કોઇ પ્રાકૃતધર્મ નથી પરન્તુ સંપૂર્ણ અપ્રાકૃતધર્મજ છે. એવું પ્રતિપાદન વેદ વિગેરે શાસ્ત્ર કરે છે, આવા માયા વગેરે ના દોષ વિનાના, શુદ્ધ આકારવાળા શ્રીગોકુલેશની હું સ્તુતિ કરું છુ. ।।૧ ।।

<u>રાગ: ભૈરવ</u>

પ્રાકૃત ધર્મરહિત અપ્રાકૃત નિખિલ ધર્મસહિત સાકાર ।।

નિગમ નિરૂપિત શુદ્ધ પુરુષોત્તમ વદનાનલ શ્રીવલ્લભ અવતાર ।।૧ ।।

સ્તુતિ કરોં સદાનન્દપદ સેવોં સુજસ શ્રવણ કરોં ગુનગાન ।।

ચિત્તમેં ચિંતન કરોં રૈનદિન સુબોધિની અરૂ વચનામૃતપાન ।। ૨ ।।

કરુના કરિ કલિ પ્રકટ ભયે બિન હોત ન દૈવી જન-ઉદ્ધાર ।।

શ્રીવિઠ્ઠલ નિજપદનૌકા દૈ **ગોવિન્દ** ઉતારો (કરો!) ભવસાગરપાર ।। ૨ ।।

જેમાં પ્રાકૃત ગુણો નથી, અને જે અપ્રાકૃત સર્વ ગુણરૂપ છે એમ વેદમાં જેનું નિરૂપણ કરેલું છે, તે શુકલ-સાકાર આકૃતિવાળા(સ્વરૂપ)ની હું સ્તુતિ કરું છું. ।। ૧ ।।

પ્રાકૃત એટલે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતા જે સત્ત્વ વગેરે ગુણો જેનામાં નથી, એટલે જે ને તેવા ગુણોનો સહેજ પણ સમ્બન્ધ નથી એવો અર્થ છે. હવે, **પ્રાકૃત ગુણો જેમાં નથી**, એમ કહ્યું છે. એટલે તે સિવાયના ગુણો પ્રસિદ્ધ ન હોવાથી સ્વરૂપ ગુણવિનાનું થાય છે, એવી શંકા દૂર કરવા *જે અપ્રાકૃત સર્વ ગુણરૂપ છે*, એમ કહેલું છે. શ્રીપ્રભુ કેવા છે? પ્રાકૃત ધર્મ જેવા કે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ તેનાથી રહિત છે. કોઈક ને શંકા થાય છે, કે શ્રીપ્રભુ તો ઘણીવાર નિરાકાર થઈ ગયા! તો આપનું શું કહેવું છે? ત્યાં શ્રીદાદાજી સમાધાન કરે છે કે ના, શ્રીપ્રભુ તો અપ્રાકૃત છે. અપ્રાકૃત એટલે પ્રકૃતિના સમ્બન્ધ વિનાના અલૌકિક આનન્દથી ભરપૂર દેહ-ઈન્દ્રિયો વગેરેથી સહિત છ, સર્વગુણો તે રૂપ, એટલે તેમનું સ્વરૂપ છે, એવો અર્થ થાય છે. અહિં દેહ-ઈન્દ્રિયો વગેરેને પણ તદ્રૂપ (ભગવન્મય) કહ્યાં, તેથી તેઓ પણ સ્વરૂપની જેમ આનન્દરૂપ છે. પરન્તુ લૌકિક દેહની જેમ-આ આત્મા અને આ અનાત્મા-એવો ભેદ અહિં જોવો નહિં. એવો અર્થ છે. **इति-એમ** શબ્દ અહિં પ્રકાર દર્શાવ નારો છે. એટલે એજ પ્રકારે **निगमप्रतिपाद्यं** વેદ પણ નિરૂપણ કરે છે તે પુરુષોત્તમનું સ્વરૂપ શુદ્ધ **यत्तच्छुद्ध** એટલે માત્ર આનંદનાજ કર-ચરણ-મુખ-ઉદર-વગેરેના રૂપવાળું છે. તે પણ **साकृति** આકૃતિવાળું છે, પરન્તુ માયાવાદી વગેરેના ખોટા શાસ્ત્રોમાં જણાવેલ બ્રહ્મની જેમ આકૃતિવિનાનું નથી. તેવા સ્વરૂપની **स्तौमि** હું (શ્રીગુસાંઈજી) શ્રીપુરાણપુરૂષોત્તમની સ્તુતિ કરું છું, એવો અર્થ છે. ૧

(...ક્રમશ:)

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોલનાથજીકે ચોબિસ વચનામૃત

૧. ભગવદીયનું સ્વરૂપ-અન્યાશ્રન ન કરનો

એક સમય પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત શ્રીગોકુલનાથજીને શ્રીગુસાંઇજી સો પુછ્યો. તબ શ્રીગુસાંઇજી ચાચા હરિવંશજી, તથા નાગજીભાઇ આદિ ભગવદીયનકે અર્થ અપુને પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત શ્રીમુખતે કહે. સો સુનિકે ચાચા હરિવંશજી તથા નાગજીભાઇ આદિ અંતરંગ ભગવદી અપને મનમેં બોહોત પ્રસન્ન ભયે. તા પાછે શ્રીગોકુલનાથજી અપની બેઠકમેં પધારે. સો શ્રીગુસાંઇજી કે વચનામૃતકો અનુભવ અપને મનમે કરત હે.

તા સમય કલ્યાણ ભટ્ટ શ્રીગોકુલનાથજી કે અંતરંગ સેવક સો આયકે શ્રીગોકુલ નાથજીકો દંડવત કીની. તબ શ્રીગોકુલનાથજી તો બોલે નાહિં. પુષ્ટિમાર્ગકે રસકે અનુભવમેં મગ્ન હરે. તબ કલ્યાણ ભટ્ટ હાથ જોડીકે ઠાડે હોઇ રહે. પાછે ચારિ ઘડીમેં શ્રીગોકુલનાથજી ને ઉંચી દૃષ્ટિ કરીકે કલ્યાણ ભટ્ટકી ઓર દેખે. તબ કલ્યાણ ભટ્ટને ફેરિ દંડવત્ કરી. તબ શ્રીગોકુલનાથજીને શ્રીમુખસો કલ્યાણ ભટ્ટ સો કહી, જો *કલ્યાણ ભટ્ટ, તુમ કબકે આયે ?* તબ કલ્યાણ ભટ્ટને શ્રીગોકુલનાથજીસો વિનંતી કીની જો *મહારાજ, મોકો આયે ચારિ ઘડી ભઇ હૈ.* તબ શ્રીગોકુલનાથજી પ્રસન્ન હોય કે શ્રીમુખસો આજ્ઞા કીયે જો *આજ કાકાજી (શ્રીગુસાંઇજી)ને અપને પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત મોસો કહે, સો પુષ્ટિમાર્ગ કી રીતિ તો મહા કઠિન હે, સો બનત નાહીં.*

તબ કલ્યાણ ભટ્ટને શ્રીગોકુલનાથજી સો વિનંતી કીની જો *મહારાજ, કછુ હમારે લાયક હોય તો કૃપા કરીકે મોસો શ્રીમુખસો સુનાઇયો. મોકો આપુ કે શ્રીમુખસો સુનિવેકો મનોરથ હે. પુષ્ટિમાર્ગકી રીતિ બનની તો મહાકઠીન હે પરન્તુ હમકો સુનનો હું મહાકઠિન હે, અતિ દુર્લભ હે.* યહ વચન સુનિકે શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ સો આજ્ઞા કીયે જો *યહ વાર્તા ઓર કે આગે કહિવેકી નાંહી હે. તુમ ભગવદ્ભક્ત હો, પુષ્ટિમાર્ગકી રીતિ સુનવેકી અતિ પ્રીતિ હે, તાતે તુમતે કહેત હેં. સો મન લગાય કે સુનિયો-હૃદયમેં ધારન કરિયો.*

અબ કહેત હે. જો *પ્રથમ તો ભગવદીયકો અન્યાશ્રય ન કરનો. અન્યાશ્રય મહા બાધક હે. જો એક આશ્રય શ્રીજીકો રાખનો. આશ્રય સિદ્ધ ભયે તે સર્વ કાર્ય હોય. યહ લોક પરલોક મેં સબ ઠિકાને સુખ પાવે. યહ જાનિકે આશ્રય એક શ્રીજીકો રાખે. આશ્રયકો હેતુ યહ હે જો અપને પ્રભુ વિના ઓરકો ન જાને-ન માને ઓર દુસરે સો મનકો મનોરથ ન કરે, અન્ય અવતારાદિકકી અપેક્ષા ન રાખે.*

જીવ ઓર દેહ કાહુકી અપેક્ષા ન રાખે સો તો બોહોત કઠિન હે, કાહેતે યહ સંસાર હે સો વૃક્ષરૂપી હે. ઓર યા સંસારરૂપી વૃક્ષમેં દોય ફલ હે: એક તો દુ:ખ, દુસરો સુખ. એ દોઉ ફલ યામેં લગત હેં. ઓર શાખા યા વૃક્ષકી અનેક હે. તિન શાખાનકો મન-તરંગ કહિયત હે એસો વૃક્ષ હે તાકી મૂલ જડ હે સો બુદ્ધિ હે.

ઓર ફલ હે સો અપને ગિરનેસો ડરપત હે. સો યા મોહ રૂપી વિચાર તે ડરપત હેં, ઓર અપને શાખા ફલ ફૂલ ટૂટનતે ડરપત હેં. તાતે વૃક્ષકો મુખ્ય તો વૃક્ષકી જડ હે સો દૃઢ હે. તાતે વૃક્ષકો ડર નાહીં હે. સો ડાર શાખા ફળ પત્ર અપને મૂલકો દૃઠ જાનત નાહીં હે. તાતે અત્યંત ભય કરિકે દુ:ખિત હોત હે. તેસેઇ યહ જીવ હે. સંસાર રૂપી વૃક્ષકું મોહરૂપી વયારકો ડર હે. તાકો દુ:ખ દૂર કરવેકો-શુદ્ધ કરિવેકો અપને મૂલ રૂપકો વિચારનો. જો અપને મૂલ તો શ્રીભગવાન હે તિનકો ભૂલી ગયો હે. યહ અવિદ્યા કરીકે એસો વિચાર રહત નાહી, જો હમારો મૂલ શ્રીભગવાન સર્વોપર દૃઢ હે. સો હમકો આ મોહ રૂપી બયાર કી ચિંતા નાહીં. મોહ-રૂપી બયાર કે દુ:ખ તે ડરપત હે. સો યા સંસારમેં અનેક દુ:ખ સુખ પાવત હે.

તેસેઇ યહ મનુષ્ય-સંસારરૂપી અહંતા મમતાત્મક રૂપી વૃક્ષ હે, ડાર યાકો કુટુમ્બ હે, શાખા યાકી સ્ત્રી, પુત્ર, પરિવાર હે, પત્ર યાકી મન, દેહ તથા દેહ સંબંધી અનેક મનોરથ કે તરંગ હે, ફલ દોય સુખ, દુ:ખ, મૂલ યાકો ભગવાન હે. એસે જીવકો અવિદ્યા કરિકે મોહરૂપી બયાર લગત હે. તબ યહ અપને મનમેં અત્યંત ભયભીત હોત હે. અપને ચિત્તમેં કહેત હે જો મેં યા બયારિતે ગિરૂંગો યહ સંસારકે ભય કરિકે અપને મૂલરૂપી શ્રીભગવાનકો ભૂલિ ગયો. અપને કુટુમ્બરૂપી ડાર શાખા પાતસો લિપટત હે. સો ઉનસો મિલિકે અનેક પ્રકારકે દુ:ખ સુખકો અનુભવ કરત હે. યહ વૃક્ષરૂપી મનુષ્યકો માયા-રૂપી અવિદ્યા લગી હે.

તાતે મોહ કે સંબંધતે ડરપત હે. જો મેરે કુટુંબી સ્ત્રી પુત્રાદિક કો દુ:ખ હોઈગો; યહ ચિંતા યાકો મોહરૂપી બયાર લગેતે હોત હે. તાતે અપને મૂલ ભગવાન હે સો દ્દઢ હે, મોકો કછુ લૌકિક અલૌકિકકી ચિંતા નાહીં સો ભૂલી જાત હે.

તહાં લૌકિક કુટુંબી મિલિકે યાકો અન્યાશ્રય કરાવત હે સો યા પ્રકારસો કરાવત હે- લૌકિકમેં કોઇ કહેત હે, જો તુમ્હારે કોઇ દેવતાકો મનાઓ તો તુમારો દુ:ખ જાય, ભલો હોય; ઓર કોઇ કહેત હે જો તુમારે મિત્ર ભલે મનુષ્ય હોઇ તિનકો મિલો તો તુમારો કષ્ટ દૂરિ હોય; કોઇ કહત હે જો દેવીકી માનતા કરો તો ભલો હોય. યહ દુર્બુદ્ધિ જીવ એસો કહેત હે તબ યહ જીવ અન્યાશ્રય કરત હે. જ્યોં જ્યોં ઉન સંસારી લૌકિકન કો કહ્યો અન્યાશ્રય કરિકે શ્રીભગવાનતે વિમુખ હોત હે. ઓર મોહરૂપી બયાર એસી હે, જો જીવકો ભ્રમ ઉપજાવત હે.

ઓર જો દ્દઢ અનન્ય ભક્ત હે સો અન્યાશ્રય સર્વથા નાહીં કરત હે, જબ કછૂ લૌકિક દુ:ખ સુખ જીવકો હોત હે તબ યહ દ્દઢતા રાખત હે. જો શ્રીજી કરેગે સો હોયગો. મેં તો દાસ હૂં. (વિવેકધૈર્યાશ્રય - વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાત કરિષ્યતિ...) દુ:ખ સુખ તો દેહ કો પ્રારબ્ધ હે, સો તો હોત હી હે. સો દેહકું ભોગેતેં છુટેગો. તિનકો દુ:ખ તત્કાલ નિવર્ત હોત હે. પ્રથમ તો ભગવદી કો દુ:ખ સુખ હોત નહિં. જો પિછિલી પ્રારબ્ધતે હોત હે સો ભગવદી માનત નાહીં. યા પ્રકાર દ્દઢ આશ્રય શ્રીઠાકોરજીકો કરે તાકો ભગવદી કહિયે.

ઓર જો વૈષ્ણવ હોય કે અન્યાશ્રય કરત હે ઓર જો અસમર્પિત વસ્તુ ખાત હે તાસો શ્રીઆચાર્યજી મહાપ્રભુ બોહોત દૂરિ રહત હે, યહ નિશ્ચય જાનનો. યહ સમજી કે વૈષ્ણવકો યહ યોગ્ય હે કિ અન્યાશ્રય ન કરનો-અસમર્પિત ન લેનો તાતે અપને મનમેં દ્દઢ આશ્રય એક શ્રીજીકો રાખે. તબ વૈષ્ણવ યહ લોક પરલોકમેં સુખ પાવે. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયેં પ્રસંગ પ્રથમ. ૧

।। ઇતિ શ્રીગોકુલનાથજી કૃત પ્રથમ વચનામૃત સંપૂર્ણમવ ।।

(...ક્રમશ:)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

રામજી શાહ

આ રામજી શાહ મૂળ પાટણના વતની તથા એક અગ્રગણ્ય, પ્રતિષ્ઠિત અને ધનિક વણિક વૈષ્ણવ હતા. તે સમયમાં ભરૂચ એક મોટું દરિયાઇ બંદર અને વેપારી મથક હતું. આથી રામજી શાહ વેપાર અર્થે ભરૂચ આવીને વસ્યા હતા.

તેઓ શ્રીગુસાંઇજીના સેવક હતા. શ્રીગુસાંઇજીએ તેમના માથે શ્રીમુરલીધરજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું હતું. આ સ્વરૂપની તેઓ ભાવપૂર્વક સેવા કરતા હતા અને શ્રીઠાકોરજી સાનુભાવ પણ જણાવતા હતા.

વિ.સં. ૧૬૪૬માં શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ ગુજરાત પધાર્યા, ત્યારે ભરૂચમાં તેમના ઘેર આપશ્રી ત્રણ દિવસ સુધી બિરાજ્યા હતા. રામજી શાહ ના હૃદયનો ભાવ જોઇ, શ્રીગોકુલેશપ્રભુએ પ્રસન્ન થઇ સ્વચરણારવિંદની સેવા પધરાવી આપી હતી અને શ્રીમુખે આજ્ઞા કરી હતી :*યહ સેવાકો ફલ હે સો મેં દેત હું*. રામજી શાહે ખૂબ પ્રીતિપૂર્વક શ્રીચરણારવિંદની સેવા શ્રીઠાકોરજીની પાસે જ પધરાવી હતી અને અનન્યતાથી ભાવપ્રીતિસંયુક્ત સેવા કરતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ તેમને સાનુભાવ પણ જણાવતા હતા. શ્રીચરણારવિંદની સેવા અદ્યાપિ પર્યંત ભરૂચમાં બિરાજે છે, પરંતુ શ્રીઠાકોરજીનું સેવ્ય સ્વરૂપ પાછળથી શ્રીગોકુલ પધરાવ્યું હતું.

રામજી શાહને એક પુત્ર હતા-દાદા નારાયણજી. દાદા નારાયણજીના પુત્ર-પુત્રાદિએ શ્રીગોકુલેશપ્રભુના જે ગુણગાન ગાયા હતાં તે આજે પણ આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વારના અનન્ય સેવકો પ્રેમથી ગાય છે.

સંયોજન:- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોળ પદ

શ્રીગોકુલનાથ સોહામણો રે..

શ્રીગોકુલનાથ સોહામણારે, એમના રૂપતણો નહિ પાર, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧

શ્રીઅંગ કાન્તિ હું શી કહું રે, દેખિ શોભા પામી લાજ, હો લાલ - શ્રીગોકુલનાથ. ૨

પ્રાતઃ ઉઠે મંગળા સમે રે, નિત્યનાં કૃત્ય કરે સહું નેગ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૩

તેલાભ્યંગ તે કરી અને રે, નાહ્યાં પ્રાણ તણા આધાર, હો લાલ- શ્રીગોકુલનાથ. ૪

ભીતર વેગે પધારીયારે, વળીયો સર્વ સમાજ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૫

ઘેર આવી ચિત્ત વિહ્વળ થયાં રે, મનડાં આકુળવ્યાકુળ થયા, હો લાલ-શ્રીગોકુલનાથ. ૬

પંથ નિહાળે પ્રાણેશનો રે, જેથી એસું લાગ્યો રંગ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૭

બહાર ક્યારે પધારશે રે, સુખનિધિ શ્રીવલ્લભરાહ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૮

એટલે આવી વધામણીરે, પધાર્યા મોહનવર સુખદાઇ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૯

ઘસીમસીને ચાલીયાં રે, ઘરનાં કારણ વિસાર્યાં, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧૦

સાથ સહું મળીને આવીયો રે, જોવા પ્રાણતણા આધાર, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧૧

સોલે શણગાર તે કરી અને રે, રમવા પ્રીતમજીની સાથ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧૨

ભીંતે અટકી ઉભા રહ્યાં રે, જાણે કોટિક પ્રગટ્યો ભાણ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧૩

કીરણે ભક્ત ઝળકી રહ્યાં રે, જાણીએ રત્ન કેરી પાંત, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧૪

એ સુખ જોઇને ફૂલીયારે, પ્રીતે વલ્લભદાસ, હો લાલ- શ્રીગોકુલનાથ. ૧૫

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

જૈ જૈ શ્રીગોકુલેશ

શ્રીગોકુલેશકે હોય કે, ઓર નમાવે માથ,
ધિક્કાર વાકે જન્મકો, ધિક્ ધિક્ વાકો સાથ. ૧

શ્રીગોકુલેસ સ્વરૂપ હે, શ્રીગોકુલેશ ગુનપુર,
જિન શ્રીગોકુલેશ જાન્યો નહીં, વાકે મુખમેં ધૂર. ૨

શ્રીગોકુલેશકે રૂપ પર, વારોં કોટિક માર,
જિન શ્રીગોકુલેશ ગાયો નહીં, વાકે શિર પર જાર. ૩

શ્રીગોકુલેશકે સ્વરૂપ બિનુ, ઓર મોહકી જાલ,
યાતે છૂટેં બેગ તબ, પ્રભુજી હોય કૃપાલ. ૪

પ્રભુ સદા કૃપાલ હે, દેખત અપની ઓર,
જીવકી કૃતિ દેખત નહીં, દેત ચરણતલ ઠોર. ૫

ઉહાં કબહુ ન જાઇએ, જહાં ન ગોકુલેશનામ,
દિગંબર કે ગામમેં, કહો ધોબીકો કહા કામ ? ૬

શ્રીગોકુલેશ કે નામકો, હરહંમેશ નામ લેસ,
અપને સ્વકીય સમાજકો, જૈ જૈ શ્રીગોકુલેશ. ૭

વર્ષ ૨ અંક ૨ વૈશાખ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આજ્ઞા કીની જે શ્રીગોકુલ ગામકો પેંડોઇ ન્યારો, એ પ્રસંગપે આજ્ઞા કીની જે, અપને ઘરકો હોય કે ઓરકી રીત મુજબ ચલત હે, સો યા ઘરકો ભલે કહ્યો જાય, પરિ વાકુ યા ઘરકો દાન નાહીં હોત હે, વાકે ધર્મ વ્યાભિચાચરી સ્ત્રી સમાજ હે. ૭૩